DAY — **03** SEAT NUMBER | | | | | |

| 2019 | II | 23 | 1100 | J - 10 | (G) |
|---|---|---|---|---|---|

# GUJARATI (03)

Time : 3 Hrs. (12 Pages) Max. Marks : 80

## [ વિદ્યાર્થિઓ માટે સૂચના ]

→ આકલન કૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

→ જરૂરી જણાય ત્યાં ઉત્તર પૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંનાં નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ - ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ ૧. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) કોણ બોલે છે કોને કહે છે ? (૨)

(૧) 'આ ઘર, હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો'

(૨) 'પણ બા, તેં કહ્યું હતુંને ?'

(૩) 'આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું'

(૪) 'ભાઈ, હમણાં ખમી જાઓ'

અને એનાથી મોટેથી રડાઈ ગયું. 'આ ઘર....' એટલું માંડ આંસુ અને હીબકાં સાથે બોલી. બાપુજીના અવસાન વખતે નહોતી રડી એટલું બા રડી રહી હતી. ધીરે ધીરે હીબકાં વચ્ચે એણે કહ્યું - 'આ ઘર, હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. હવે હું ઝાઝા દિવસ નથી. પછી તમતમારે...'

'પણ બા, તેં કહ્યું હતું ને?'

'કહ્યું હશે. પણ હવે પાછા અહીં આવ્યા પછી... ના તમે ના કાઢશો.' એનું રડવાનું અટકતું નહોતું.


બાને રડતી જોઈ મને દુઃખ તો થયું પણ વિશેષ આનંદ થયો. થયું કે એનું હૃદય હજી જીવતુંજાગતું છે. એને હજી જગતમાં જીવનમાં રસ છે. અમે તો માનતા હતા કે બા માત્ર દહાડા કાઢે છે. પણ ઘર માટેનો આ રાગ...

મારા મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ તો હતો ઘર કાઢવાની વાતથી. પણ હવે તો રીતસરનો સણકો ઊપડયો. ઘર સૌની સંમતિથી વેચવાનું વિચારેલું. બાનાખત પણ થઈ ગયું હતું. જોકે તે દિવસથી દરેક જણ ઘરની વાત આવતાં મૂગું બની જતું.

એટલામાં નાનો ભાઈ મકાન ખરીદનારની સાથે આવ્યો. ઘરનાં બીજાં સૌ પણ ભેગાં થઈ બાની આસપાસ બેસી ગયાં હતાં. બાને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં - 'આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું, આ જ ઘરના પૈસામાંથી, તમે કહેશો તેવું...'

બા કહે, 'આ ઘરને મોભે મેં ઈંટો ચઢાવી છે. તમારા બાપે કેટલી હોંશથી બાંધ્યું છે. એટલે તમતમારે મારા ગયા પછી ભગવાન કરેને મહેલ ચણાવજો... પણ આ ઘર તો...' નાનો ભાઈ સ્થિતિ પામી ગયો. એણે મકાન ખરીદનારને કહ્યું, 'ભાઈ, હમણાં ખમી જાઓ. આ ઘર આપીશું ત્યારે તમને જ આપીશું.'

(૨) આકૃતિ પૂર્ણ કરો : (૨)




(૩) જોડકા જોડો : (૨)

| | |
|---|---|
| (અ) અશ્રુ | (૧) અવસાન |
| (બ) મૃત્યુ | (૨) મકાન |
| (ક) મૂંગું | (૩) આંસુ |
| (ડ) ઘર | (૪) મૂક |

(૪) બાને રડતી જોઈને લેખકે અનુભવેલ વ્યથા તમારા શબ્દોમાં લખો. (૨)

(બ) નીચેનો ગદ્યાંશ વાંચી કૃતિ કરો.

(૧) ઘટનાક્રમ મુજબ ગોઠવો. (૨)

(૧) કૉર્પોરેશને કાંકરિયાની ઉજ્જડ ટેકરીઓ સોંપી.

(૨) રૂબિન ડેવિડને સુપરિટેન્ડેન્ટનું માનભર્યું સ્થાન મળ્યું.

(૩) સાસણથી રૂબિન સિંહ - સિંહણ દીપડો લાવ્યા.

(૪) સિંહદંપતિ માટે મહાનુભાવોએ ઘટતું કરવાની ખાત્રી આપી.

'સૌરાષ્ટ્રમાં સાસણનું ગાઢ જંગલ ગીરના સિંહોનું અભયારણ્ય છે. વિશ્વભરમાં એશિયાટિક સિંહોનું એ એકમાત્ર નિવાસસ્થાન છે. એ સાસણની સિંહગર્જના આજે કાંકરિયાની પાળે હિલગાર્ડનને ઝાંપે આવી પહોંચી હતી. સાસાણમાંથી સિંહ-સિંહણ અને દીપડાને લઈને પ્રાણી

સંગ્રહાલયના સુપરિન્ટેન્ડેન્ટ રૂબિન ડેવિડ અત્રે આવી પહોંચ્યા હતા...

હા, હવે રૂબિનને નગરપાલિકાએ પૂરા સમય માટે માગી લીધા છે. એટલું જ નહિ એમને માટે એક ખાસ જગા ઊભી કરી, ઝૂ સુપરિન્ટેન્ડેન્ટનું માનભર્યું સ્થાન આપ્યું. અધિકાર આપ્યો. નગરપાલિકા જેવી સંસ્થામાં કોઈ પણ જાતની ડિગ્રી વિના આવું સ્થાન પ્રાપ્ત કરનાર રૂબિન ડેવિડે પહેલા છે અને આજ સુધી 'એકમાત્ર' છે.

કોર્પોરેશને એમને કાંકરિયાની ઉજ્જડ ટેકરિઓ સોંપી. હિલગાર્ડનનો પ્રકૃતિ વિભાગ એક ખાસ ઓળખ સાથે - કહો કે રૂબિન ડેવિડની મહોર સાથે વિકસવા માંડ્યો. સીમાડા ઓળંગીને ઊછરવા માંડ્યો.

હિંસક પ્રાણીઓ માટેનો પ્રતિબંધ ભૂલાઈ ચૂક્યો હતો. અગાઉ રૂબિનની યુક્તિથી ભેટ આવેલા દીપડાનાં બચ્ચાં નગરજનોનાં મન મોહી રહ્યાં હતાં. હવે કોઈ પણ પ્રકારના 'હિંસક' પ્રાણીને લાવવામાં વાંધો નહોતો.

સિંહદંપતિ માટે એ વખતના સૌરાષ્ટ્રના રાજપ્રમુખ નામદાર જામસાહેબ અને પ્રધાન શ્રી રસિકલાલ પરીખને ખાસ પત્ર પાઠવીને વિનંતી કરવામાં આવી હતી  જવાબમાં બન્ને મહાનુભાવોએ ઘટતું કરવાની ખાતરી આપી હતી.

(૨) વાંચો, વિચારો ને લખો. (૨)

(૧) સૌરાષ્ટ્રના સિંહોનું અભયારણ્ય ..........

(૨) પ્રાણી સંગ્રહાલયના સુપરિટેન્ડેન્ટ .........

(૩) હિલગાર્ડનનો રૂબિનને મળેલો પ્રાકૃતિક વિભાગ......

(૪) જ્યાં જંગલી પ્રાણીઓ નિયોજીત ને સુરક્ષિત રહે છે તે સ્થાન ............

(૩) ગદ્યાંશમાંથી પાંચ અક્ષરના શબ્દ શોધો અને લખો. (૨)

(૧) (૨)

(૩) (૪)

(૪) પ્રાણીઓનો શિકાર કરવા કરતાં તેને બચાવવાનો પ્રયાસ કરવો એ માનવતા છે - તમારો મત પ્રદર્શિત કરો. (૨)

(ક) નીચેના પ્રશ્નોનાં ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં જવાબ લખો. (કોઈપણ એક) (૪)

(૧) 'સત્યાગ્રહનું છમકલું' નો અંત લખો.

(૨) 'લંડન ની સફર' પ્રકરણને આધારે મિ. ડાઉનિંગનો પક્ષીપ્રેમ વર્ણવો.

(૩) આજના યુગમાં 'ઈન્ફોસિસ' નું મહત્વ 'નારાયણમૂર્તિ' પાઠને આધારે સમજાવો.

## વિભાગ - ૨ પદ્ય (૧૬ ગુણ)

કૃતિ ૨. (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) નીચે જણાવેલ અર્થ દર્શાવતી પંક્તિ લખો. (૨)

(૧) તારા પિતા તારી આનંદ થી રાહ જોઈ રહ્યા છે.

(૨) એકજ માસથી આવેલી હોવા છતાં મારા હૃદયમાં વસી છે.

(૩) દરિયામા ઝડપથી નાવડી ઉછળી રહી છે.

(૪) મારું હૃદય ખૂબ જ પ્રેમથી નાચે છે.

'લાડકી મુજ જગ વિશે
આવી એક જ માસથી,
તોયે મુજ હઈડે વસી
દિન અણગણ્યા ત્યમ ભાસતી.
સિન્ધુતટ પેલો ઊંચે
દુર્ગ પર્વતટોચ જે,
તાત ત્યાં તુજ વાટડી
જોતા ઊભા ધરી મોદને.
થાશું ભેળાં ક્ષણ મહીં,

દીર્ઘ વિર જ છે દીને,
પ્રથમ દર્શન આંકતાં
કંઈ ચુંબનો કરશે તને.
નાવડું આ સિન્ધુમાં
ઊછળે કંઈ વેગથી,
હૃદય પણ મુજ નાચતું
હે તાલ તેને પ્રેમથી.

(૨) યોગ્ય વિકલ્પ શોધી પંક્તિ પૂર્ણ કરો (૨)

(૧) થાશું ભેળા ........

(અ) બે ક્ષણ મહીં

(બ) એક ક્ષણ મહીં

(ક) ક્ષણ મહીં

(૨) હૃદય પણ ........

(અ) મુજ નાચતું

(બ) મુજ રડતું

(ક) મુજ ઉછળતું

(૩) સિન્ધુ તટ ........

(અ) પેલો નીચે

(બ) પેલો ઊંચે

(ક) પેલો પાસે

(૪) આવી ........

(અ) બે જ માસથી

(બ) ત્રણ જ માસથી

(ક) એક જ માસથી

(૩) વિરોધી શબ્દો લખો. (૨)

(૧) હ્રસ્વ [ ]

(૨) તળેટી [ ]

(૩) નફરત [ ]

(૪) અળખામણી [ ]

(૪) તમારા અનુભવને આધારે મા-દીકરી ના મિલનનો કોઈ એક પ્રસંગ વર્ણવો. (૨)

(બ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) ખાલી જગ્યા પૂરો. (૨)

(૧) અંકુરિત થતા ........... નું સ્વાગત કરો.

(૨) તો યે શક્તિનો .......... અને તેજ નો અંબાર.

(૩) એને આદરથી આવકારો .......... થી સત્કારો.

(૪) આધાર આપતી ......... એ જ છે?

અંકુરિત થતા બીજનું સ્વાગત કરો,
કારણે કે એમાંથી જ પ્રગટ થશે
એ મૃદુ, લાવણ્યમયી પોયણી કોમળ ખરી,
તો યે શક્તિનો અવતાર અને તેજનો અંબાર.

એને આદરથી આવકારો, સ્નેહથી સત્કારો,
એને ભૂલથીયે દેશો નહિ જાકારો.
એ જો જતી રહેશે તો તમારી પાસે કશું નહિ રહે.
તમે જાણો છો ખરા કે તમને
આધાર આપતી ભોંય એ જ છે?
અને એ જ છે.

(૨) આડા અવળા શબ્દોને યોગ્ય રીતે ગોઠવીને અર્થપૂર્ણ પંક્તિ બનાવો. (૨)

(૧) થશે એમાંથી જ કારણ કે પ્રગટ.

(૨) કોમળ પોયણી લાવણ્યમયી ખરી મૃદુ એ.

(૩) જાકારો દેશો એને નહિ ભૂલથી યે.

(૪) રહે નહિ કશું પાસે તમારી તો જતી જો રહેશે એ.

(૩) શબ્દનો સાચો અર્થ શોધીને લખો. (૨)

| | | |
|---|---|---|
| (૧) ભોંય | જમીન | ભીંત |
| (૨) સ્નેહ | બંધન | લાગણી |
| (૩) તેજ | પ્રકાશ | તેજસ્વી |
| (૪) આદર | અપમાન | માન |

(૪) દીકરીનું મહત્વ તમારા શબ્દોમાં સમજાવો. (૨)

## વિભાગ - ૩ વિશેષ વાચન (૬ ગુણ)

**કૃતિ ૩. નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

(૧) ★ હોટેલ ઓબેરાયમાં ઉતરનાર નામાંકિત વ્યક્તિઓ. (૧)

★ ગદ્યાંશમાં ઉલ્લેખાયેલ બે દેશના નામ (૧)

મુંબઈની મશહૂર હોટેલ ઑબેરાયનું નામ આખી દુનિયા જાણે છે. મુંબઈના નાક જેવી આ હોટેલમાં ડિ'બિયર્સની ડાયમન્ડ કિંગ

ઓપનહેમર ઊતરે છે અને દલાઈ લામા પણ ઊતરે છે. મુંબઈ શહેરનું ગૌરવ ગણાતી આ હોટેલના સ્થાપક રાયબહાદુર મોહનસિંહનો ૧૦૩ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયો. ઈંગ્લેન્ડમાં જન્મ્યા હોત તો ત્રણ વર્ષ પહેલાં એ સો વર્ષના થયા ત્યારે ઈંગ્લેન્ડની રાણીએ એમને રૉયલ ગિફ્ટ અને ફૂલો મોકલ્યાં હોત. એક જમાનામાં હિન્દુસ્તાનના ભાગલા નહોતા પડયા ત્યારે લાહોર નજીકના પંજાબી ગામ ભાઉંમાં બ્રિટિશ પ્રજા તરીકે મોહનસિંહનો જન્મ થયો. મોહનસિંહ હજી માત્ર છ મહિનાના હતા ત્યારે એમના પિતા સરદાર અત્તરસિંહ પેશાવરમાં ટ્રેનના પાટા નાખતા હતા ત્યાં નોકરી શોધવા ગયા હતા. ત્યાં એમને ફ્લુ લાગુ પડયો અને એક બાળક તથા ૧૮ વર્ષની વિધવા પત્ની ભાગવંતીને છોડીને દુનિયામાંથી રવાના થઈ ગયા.

વિધવા તરીકે સાસરિયાનાં અપમાન સહન કરવાને બદલે ભાગવંતી એના પિતા ગરબારાસિંહને ગામ ચાલી ગઈ. મોહનસિંહ ઑબેરાયના નાના ગરબારાસિંહ ગામડાના ખેડૂતોને ધીરધાર કરતા. ભાઉં ગામના મોટા ભાગના પંજાબી યુવાનો બ્રિટિશ લશ્કરમાં ભરતી થઈ જતા. સૈનિકો પગાર મેળવે એટલે માતા-પિતાને પૈસા મોકલવાને બદલે ઑબેરાયના નાનાને (માતાના પિતા) મોકલતા અને ગરબારાસિંહ સેવિંગ્ઝ બૅન્ક જેવા બની જતા. ભાઉંનું અર્થતંત્ર સૈનિકોના મનીઑર્ડર પર ચાલતું હતું.

(૨) કોણ તે લખો. (૨)

(૧) હોટેલ ઑબેરાયના સ્થાપક ☐

(૨) મોહનસિંહના પિતા ☐

(૩) મોહનસિંહના માતા ☐

(૪) મોહનસિંહના નાના ☐

(૩) તમારા વ્યક્તિત્વના ઘડતરમાં ફાળો આપનાર વ્યક્તિ વિશે લખો. (૨)

## વિભાગ - ૪ વ્યાકરણ (૧૦ ગુણ)

**કૃતિ ૪. સૂચના પ્રમાણે કરો.**

(અ) કાળ પરિવર્તન કરો. (૩)

(૧) મીરાંનો પ્રેમ નિર્ભેળ હતો. (વર્તમાનકાળ)

(૨) અરે! સોનપરી લેવા જાઉં છું. (ભૂતકાળ)

(૩) રવિ એકદમ મજામાં છે. (ભવિષ્યકાળ)

(બ) નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે લખો. (૩)

(૧) હઈડે વસવું એટલે હૃદયમાં વસી જવું.

(૨) આંખે વળગવું એટલે પસંદ પડવું.

(૩) છેહ દેવો એટલે પ્રેમ આપવો.

(ક) કૌંસમાંથી યોગ્ય શબ્દના વિશેષણ બનાવી ખાલી જગ્યા પૂરો. (૨)

(૧) તે ........ મિજાજનો માનવી છે.

(૨) નરસિંહમહેતા સાચા ......... હતા.

(૩) અમેરિકામાં રહેતા દીકરાની વાત આવતા પિતા ........ થઈ જતા હતા.

(૪) પોતાનું બાળક માતાપિતાને હંમેશા ........ લાગે છે.

(રંગ, રૂપ, ભજન, ખામોશી)

(ડ) સંધિવિગ્રહ કરો. (૨)

(૧) વાતાવરણ - ......... + ..........

(૨) પરાધીન - ......... + ..........

(૩) સ્વાવલંબી - ......... + ..........

(૪) પરમાનંદ - ......... + ..........

## વિભાગ - ૫ લેખન કૌશલ્ય (૨૮ ગુણ)

કૃતિ ૫. (અ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૮)

(૧) મિત્રતાની મીઠાશ

(૨) મારી પ્રેરણામૂર્તિ....!

(૩) આજની યુવાન કયા માર્ગે?

(બ) નવરાત્રિના ઉત્સવની ઉજવણીનો આનંદ વ્યક્ત કરતો પત્ર વિદેશમાં વસતા મિત્રને લખો. (૫)

કૃતિ ૬. (અ) નીચેનો ગદ્યાંશ વાંચી પાંચ પ્રશ્નો તૈયાર કરો. (૫)


આપણા જીવનમાં કેટકેટલી વાતો માવજત માંગે છે. રસોઇ માવજત માંગે, આપણી કાયા માવજત માંગે, આપણો વ્યવસાય અને રીતરસમ માવજત માંગે, આપણે શોખ માવજત માંગે, બાગ માવજત માંગે, માંદગી માવજત માંગે. આ માવજત માટે કાળજી, દેખરેખ અને મહેનતની આવશ્યકતા છે.

આ માવજતને મંતર કુંભાર ઘડો બનાવે ત્યારે જોવા મળે. મા રોટલી બનાવે ત્યાં જોઈ શકાય. કુંભાર માટીને એકરૂપ બનાવી ચાકડા પર ચઢાવી આંગળીના સ્પર્શે આકાર બક્ષે. એ વખતે એનું સમગ્ર ધ્યાન ફરતા ચાકડા પર જ હોય છે. ત્રણ કલાક એક જ કાર્યમાં અને એક જ ચીજ પર એનું ધ્યાન હોય છે. એમાંથી જન્મે છે, વિવિધ ભાતવાળો કૂંજો, જે ચાર કલાક પહેલા માટી સ્વરૂપે હતો!

આ માવજતનો મંતર સહુએ પીછાણવા જેવો છે. આચરણમાં મૂકવા જેવો છે. એકવાર માવજતથી કાર્ય કરો તમારું કાર્ય અનોખું બનશે. માવજતથી રસોઇ કરો, તમારી વાનગી જુદી બનશે. એકવાર માવજતથી ધંધો કરો, તમે ખૂબ કમાશો. એકવાર માવજતથી ખેતી કરો ખૂબ પાક મેળવશો. એકવાર માવજતથી છોકરા ઉછેરો ઘડપણમાં નવા જ પ્રકારની શાંતિ અનુભવશો. માવજત જીવન અજવાળશે, માવજત જીવનને ઉજમાળું બનાવશે. માવજતમાં પ્રમાણભાન હોવું જોઇએ. માવજત ધીરજ માંગે. માવજતમાં હળવેકથી કામ કરવાની

આવડતા હોવી જોઈએ. ભરપૂર સ્નેહ હોવો જરૂરી છે.

(બ) આપેલી માહિતીને આધારે જાહેરાત તૈયાર કરો. (૫)




(ક) નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો. (૫)

(1) Why are you talking so loudly?

(2) The old woman is going to meet her son.

(3) Agriculture is the most important occupation in India.

(4) Real happiness lies in making others happy.

(5) Mahatma Gandhi fought for Indian Independence.

◆◆◆